Sandesh, Ahmedabad June 22, 2022

**In Mehsana district, 5.35 lakh people performed Yoga at 2,638 locations**

Mehsana: Approximately 5,000 citizens practiced Yoga in the premises of Modhera Sun Temple on the occasion of the 8th International Day of Yoga. While in Mehsana district, 5,35,800 people performed Yoga at 2,638 different locations.

Children and youth assembled at Modhera early in the morning to celebrate Yoga Day, which was organised jointly by the Government of India, NDDB and Dudhsagar Dairy. Officials and leaders of Mehsana district were impressed by the large gathering on the occasion.

SANDESH AH

સૂર્યમંદિરમાં ૫ હજાર લોકોએ વિવિધ આસનો થકી આકર્ષણ જમાવ્યું

# મહેસાણા જિલ્લામાં ૨,૬૩૮ સ્થળોએ ૫.૩૫ લાખ લોકોએ યોગાભ્યાસ કર્યો

મંગળવારે વહેલી પરોઢે જ મોઢેરા ખાતે અબાલ-વૃદ્ધો ઊમટી પડ્યાં હતાં

। મહેસાણા । (સં.ન્યૂ.સ.)

૮મા વિશ્વ યોગદિન નિમિત્તે મોઢેરા સૂર્યમંદિરના પ્રાંગણમાં અંદાજે ૫.૦૦૦ નાગરિકોએ યોગાભ્યાસ કર્યો હતો. જ્યારે મહેસાણા જિલ્લામાં ૨.૮૩૬ સ્થળો ઉપર ૫.૩૫.૮૦૦ લોકોએ યોગાભ્યાસ કર્યો હતો.

ભારત સરકાર. એનડીડીબી અને દૂધસાગર ડેરીના સંયુક્ત ઉપક્રમે યોગદિનની ઉજવણીમાં મોઢેરા ખાતે બાળકો, યુવાનો વયોવૃદ્ધ વહેલી સવારથી ઉમટી પડ્યા હતા. મોટી સંખ્યામાં હાજરી જોઈ મહેસાણા જિલ્લાના અધિકારીઓ, નેતાઓ પ્રભાવિત થયા હતા.



સૂર્યમંદિર સંકુલ બન્યું યોગમય : દેશના પ્રખ્યાત સૂર્યમંદિરમાં સૂર્યનારાયણ ભગવાનનું પ્રથમ કિરણ દરરોજ ઝીલાય છે. ઉત્તરાયણ પર્વ પછી અહીં ઉજવાતો ઉત્તરાર્ધ મહોત્સવ દેશ-વિદેશના શાસ્ત્રીય નૃત્યકારો અને સંગીતકારો આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. જગપ્રસિદ્ધ સૂર્ય મંદિરને આજે નવી ઓળખ મળી છે. યોગ દિને સમસ્ત સંકુલ ઉપરાંત વનરાજી પણ યોગમય બની હતી.



## બહુચરાજી મંદિર ખાતે વિશ્વ યોગ દિવસ ઊજવણી

બહુચરાજી : બહુચરાજી મંદિરના પટાગણમાં કરવામાં આવેલી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઊજવણીમાં શાળાના વિદ્યાર્થી. હોમગાર્ડ જવાનો. સ્થાનિક સરકારી કર્મચારીઓ અને ગામના નાગરીકો યોગ દિવસની ઊજવણીમાં જોડાયાં હતાં.